[illegible]

[illegible]

[illegible]

વિણનાર

નટવરલાલ વીમાવાળા

પ્રકાશક

ગાંડીવ સાહિત્ય મંદિર

૧૮૦—કેળાંપીઠ

સુરત

ઉત્તર વિભાગના વિદ્યાધિકારીશ્રી તરફથી ઇનામ લાઇબ્રેરી માટે મંજૂર

ગાંડીવ

માં છાપી, ગાંડીવ સાહિત્ય મંદિરમાંથી
નટવરલાલ વીમાવાળાએ પ્રગટ કર્યું.

ત્રીજી આવૃત્તિ : ૦–૬–૦

શ્રી..........................ને

વ્હાલા અને આશિષ સાથે:

________________ તરફથી.

આ વાતો—

નો સંગ્રહ બાળકોને માટે [illegible] એમાં કશું કહેવાનું નથી. [illegible] સુંદરી સુબોધ, બાળમિત્ર, વગેરે [illegible] લીધેલી છે. એક વાત 'ગુજરાતી પંચ' ના એક દિવાળી અંકમાંથી પણ લીધેલી છે. તેમાં સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટીઆ, સ્વ. ઝવેરચંદ મેઘાણી જેવા જાણીતા લેખકો છે તેમજ બીજાઓના પણ છે. દરેક વાર્તામાં [illegible], વાર્તાઓના, તેમજ રચનાઓના [illegible] સુધારાઓ તેમજ ફેરફાર [illegible] છે તે [illegible] એ સૌ લેખકોનો [illegible] આશા છે કે આ સંગ્રહ [illegible] થશે.

[illegible]

ત્રીજી આવૃત્તિ

માં કશા ખાસ ફેરફાર નથી કર્યા. કોઈક કોઈક ઠેકાણે નજીવા [illegible] કર્યા છે. ચિત્રો ઉમેર્યાં છે.

ન. વી.

અતુલ

ગાંડીવ સાહિત્ય મંદિર

ગાંડીવ સાપ્તાહિક

દર બુધવારે પ્રગટ થાય છે. તેમાં આખા ગુજરાતની ખબરો, નોંધો, વગેરે અને સાહિત્યની ચર્ચા પ્રગટ થાય છે. લવાજમ સુરતમાં રૂપિયા ત્રણ. બહારગામ રૂ. ૪) પરદેશ શિલિંગ દસ.

ગાંડીવ છાપખાનું

આ પ્રેસ [illegible] આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

ગાંડીવ પ્રકાશન

મંદિરના આ વિભાગમાં તમામ ઉત્તમ લેખકોનાં રચેલાં પુસ્તકો તેમજ [illegible], [illegible] અને [illegible] [illegible] મળી શકે છે. [illegible] [illegible] [illegible] માટે [illegible] [illegible]

સરનામું: ૧૮૦ [illegible], સુરત.

સુરત આવો, ત્યારે જરૂર મુલાકાત લેજો



(૧)

વડોદરામાં પહેલાં એક હરજી રહેતો હતો. તેને બે દીકરા હતા. તેમણે એક બકરી પાળી હતી, તેના દૂધથી તેમને ખાવામાં બરાબર ચાલી રહેતું. હરજી હરરોજ તેને ચરવા લઈ જતો. જ્યારે તે ઘરડો થયો, ત્યારે તેને બદલે તેના દીકરાઓ બકરીને ચરવા લઈ જવા લાગ્યા. એક દિવસ મોટા દીકરા ચીમનનો વારો આવ્યો. તે તેને ચરાવવાને વાડીમાં લઈ ગયો. ત્યાં કુમળા [illegible] હતી.

સાંજ સુધી બકરી તે ચરી. પછી ઘેર જવાનો વખત થયો એટલે તેણે બકરીને પૂછ્યું—"અલી બકરી, તેં પૂરું ખાધું છે ને!"

બકરીએ જવાબ આપ્યો: "મેં પૂરેપૂરું ખાધું છે; હવે એક પણ પાંદડું ખાઈ શકું એમ નથી."

"ચાલો ત્યારે ઘેર." છોકરાએ કહ્યું; બકરીને ઘેર પાછી લઈ જઈને તેણે ખીલે બાંધી અને પોતાના બાપ પાસે જઈ બેઠો.

"વારુ દીકરા," હરજીએ પૂછ્યું: "બકરીએ ખૂબ ખાધું છે ને!"

"હા, એણે પેટ ભરીને ખાધું છે. હવે એક પણ પાંદડું વધારે ખાઈ શકે એમ નથી."

પણ તેના પિતાને ખાત્રી ન થઈ. તેણે તબેલામાં જઈને બકરીને પૂછ્યું: "અલી બકરી, તેં બરાબર ખાધું તો છે ને!"

બકરીએ જવાબ દીધો: "મારી ભૂખ મટી નથી, ચરવાની જગ્યા થોડી હતી અને ઘાસ તો મળે નહિ. તેથી મને એક પાંદડું પણ જડયું નથી."

હરજી બહુ ગુસ્સે થયો.

"આ હું શું સાંભળું છું!" તેણે એકદમ ઘાંટો પાડ્યો.

મેડા પર જઈને દીકરાને કહ્યું: "અલ્યા લુચ્ચા! શા માટે તેં મને કહ્યું કે બકરીએ પૂરતું ખાધું છે? અરે, એ તો બિચારી ભૂખે મરે છે!" એમ કહી એકદમ ગુસ્સાથી પોતાનો ગજ ચીમન તરફ ફેંક્યો અને પછી તેને ઘર બહાર કાઢી મૂક્યો.

બીજે દિવસે વચલા છોકરા મગનનો વારો હતો. તે બકરીને પાસેના બગીચામાં લઈ ગયો. ત્યાં નાના કુમળા છોડ હતા. બકરી સવારથી સાંજ સુધી ચરી. ઘેર લઈ જતાં પહેલાં મગને પૂછ્યું: "અલી બકરી, તેં પૂરતું ખાધું છે કે?" ત્યારે બકરીએ જવાબ આપ્યો: "મેં ખુબ ખાધું છે, હવે એક પણ પાંદડું મારાથી ખવાય એમ નથી."

"ચાલો ત્યારે ઘેર," મગને કહ્યું. પછી તે બકરીને ઘેર લઈ ગયો, અને પોતાના બાપ પાસે જઈ બેઠો.

"વારૂ! દીકરા બકરીએ નિરાંતે ખાધું ને?" દરજીએ પૂછ્યું.

"હા, બાપા, એણે પેટ ભરીને ખાધું છે અને એક પણ પાંદડું વધારે ખાઈ શકે એમ નથી." દીકરાએ જવાબ દીધો. પણ આથી તેના બાપને સંતોષ થયો નહિ. તેણે તબેલામાં જઈને બકરીને પૂછ્યું: "અલી બકરી, તે પૂરેપૂરું ખાધું છે ને?" બકરીએ કહ્યું: "મારી ભૂખ મટી નથી. જગ્યા થોડી હતી, ઘાસ મળે નહિ અને એક પણ પાંદડું

જડતું નથી."

"કેવો હરામખોર છોકરો!" દરજીએ બૂમ પાડીને કહ્યું: "આવા ગરીબડા પ્રાણીને ભૂખે મારે છે!" દરજીએ મગન પર ગજ ફેંક્યો તથા તેને ઘર બહાર કાઢી મૂક્યો.

હવે ચોથી નાના છોકરા નાનુનો વારો આવ્યો. તે બકરીને પડખેના વાડામાં લઈ ગયો. ત્યાં પાંદડાં, ફળ, ફૂલ વગેરે હતું. બકરી સવારથી સાંજ સુધી ચરી. સાંજરે ઘેર જતાં પહેલાં પૂછ્યું: "બકરી, તેં પેટ ભરીને ખાધું છે?"

બકરીએ જવાબ દીધો: "મેં મોજથી ખાધું છે, ને હવે એક પણ પાંદડું ખાઈ શકું એમ નથી."

"ચાલો ત્યારે ઘેર," નાનુએ બકરીને ઘેર લઈ જઈને ખીલે બાંધી, અને બાપ પાસે જઈને બેઠો.

"વારુ! દીકરા, બકરીએ પેટ પૂરી ખાધું છે?" દરજીએ પૂછ્યું.

"હા, તેણે પુષ્કળ ખાધું છે, એકે પાંદડું વધારે ખાઈ શકે એમ નથી." દીકરાએ જવાબ આપ્યો. પણ દરજીને તેના કહેવા ઉપર વિશ્વાસ ન આવ્યો. તેણે ખીલે જઈને પૂછ્યું, "અલી બકરી, તેં પૂરતું ખાધું છે ને?" ત્યારે બકરીએ કહ્યું: "મારી ભૂખ મટી નથી. જગ્યા થોડી હતી. ઘાસ બિલકુલ નહોતું. મને એકે પાંદડું જડ્યું નથી."

"અરેરે! આ છોકરાઓ કેટલું જુઠું બોલે છે!" હરજી પોકારી ઉઠયો. "એક બીજાનું માથું ભાંગે એવા ડાહ્યા છે! પણ હવે હું વધારે વાર સાંખી શકુ એમ નથી" ક્રોધથી માળ ઉપર જઈ, તેણે પોતાના દીકરાને ખુબ માર્યો; અને કાઢી મૂકયો.

(૨)

હવે હરજી એકલોજ રહ્યો. બીજે દિવસે જાતે તબેલામાં જઇ તેણે બકરીને કહ્યું: "ચાલ બકરી, ચાલ ચરવા. આજે હું જાતે લઈ જઇશ." પછી તે તેને સારી લીલોતરી વાળી જગ્યામાં લઇ ગયો. સાંજરે તેને પૂછયું, "અલી બકરી, તેં ખુબ ખાધું છે ને!"

"મેં ઘણુંજ ખાધું છે અને હવે એક પણ પાંદડું વધારે ખાઈ શકુ એમ નથી." બકરીએ જવાબ દીધો.

"ચાલ ત્યારે ઘેર," એમ કહી ઘેર જઈ તબેલામાં બાંધીને ખાણ ફરતી વખતે હરજીએ પૂછયું: "અલી બકરી, તેં સંતોષથી ખાધું તો છે ને!" ત્યારે બકરીએ જવાબ દીધો: "મારી ભૂખ મટી નથી. જગ્યા થોડી અને ઘાસ મળે નહિ, એટલે મને જરા પણ ખાવા મળ્યું નથી."

હરજી આશ્ચર્ય પામ્યો અને સ્તબ્ધજ બની ગયો. હવે તેને માલમ પડયું કે આ બકરી તો લુચ્ચી છે. પોતાના

દીકરા તરફ નકામા ગુસ્સે થવા માટે તેને પશ્ચાતાપ થયો. તે બૂમ પાડી ઉઠયો, "ઉભી રહે, લુચ્ચી બકરી, હું તને બહાર કાઢી મૂકીશ. એટલુંજ નહિ, પણ એવી શિક્ષા કરીશ કે તને કોઇ રાખશેજ નહિ." આમ કહી [illegible] લીધો અને તેનું માથું બોડી નાંખી, ચોખું સફાટ કરી નાંખ્યું! પછી ચાબૂક વતી ખુબ ફટકાવી અજ વતી ખુબ ડાંસા માર્યા તથા બે પગ પકડી હવામાં ઉછાળી. બકરી માંડમાંડ તેની પાસેથી જીવતી નાસી છુટી.

હવે દરજી એકલો રહ્યો અને દુઃખી થઇને તે પોતાના દીકરા ઘેર પાછા આવે તો સારૂં એમ ઇચ્છવા લાગ્યો.

(૩)

મોટા દીકરો શ્રીમન એક સુથારને ઘેર જઇ રહ્યા હતો. ત્યાં તે સારી રીતે કામ શીખવા લાગ્યો અને પોતાના શેઠને તેણે ઘણો સંતોષ આપ્યો. આખરે જ્યારે તેને મુસાફરીએ જવાનું મન થયું, ત્યારે તેના શેઠે તેને એક ટેબલ (મેજ) ભેટ આપ્યું. ટેબલ સાધારણ લાકડાનું હતું, અને બીજા ટેબલની માફક દેખાતું હતું; પણ તેમાં એક અદ્ભુત ગુણ હતો. જો કોઇ તેના ઉપર બેસીને કહે કે "ટેબલ! ખાવાનું લાવ." તો તરતજ ટેબલ ઉપર દૂધપાક, પુરી, ભજીયાં, શાક વગેરે જે જોઇએ તે તૈયાર થઇ આવતું.

ચીમને વિચાર્યું કે મારે હવે કમાવાની જરૂર નહિ પડે. તેથી તે ઘેર પાછો જવાને નીકળી પડયો; કારણ કે તેને ખાત્રી હતી કે જો હવે હું ઘેર જાઇશ તો મારા બાપ મને કાઢી નહિ મૂકે. રસ્તામાં તે ધર્મશાળામાં ઉતર્યો અને તેના માલીકને કહ્યું: "અલ્યા, આજે હું તારા બધા મ્હેમાનોને જમવાનું પૂરું પાડીશ." પછી બપોરે બધા જમવા આવ્યા, ત્યારે તેણે ટેબલ ગોઠવીને કહ્યું: "ટેબલ, ખાણું પીરસ."

તરતજ ત્યાં જાતજાતનાં પકવાન વગેરે દેખાયાં. પછી તો ખાવાની લુંટાલુંટ ચાલી, પણ કાંઈ ખુટે તેમ નહોતું, તેથી દરેક જણાએ પેટ ભરી ખાધું. આ દેખાવ ધર્મશાળાનો માલીક એક ખુણામાં ઉભો ઉભો જોતો હતો. તેણે વિચાર્યું કે આ ટેબલ મારી પાસે હોય તો કેવું સારૂં! તેથી બપોરે બધા બહાર ગયા અને ચીમન કાંઇ કામ સારૂ ગયો એટલે તેણે તરતજ બીજું ટેબલ મૂકી પેલું ટેબલ લઈ લીધું.

ચીમન બહારથી આવી સામાન લઇ ચાલતો થયો પણ તેણે ટેબલ બરાબર જોયું નહિ. સાંજે તે ઘેર પહોંચ્યો અને બાપ ને જઇ પગે પડયો. "દીકરા" પિતાએ પૂછ્યું: "તું શું કમાયો ?" ચીમને જવાબ દીધો, "હું એક ટેબલ લાવ્યો છું. પણ બાપા, એ તો કલ્પવૃક્ષ જેવું છે. જુઓ, તેના આગળ બેસી કહું કે ટેબલ, ખાણું પીરસ, કે

એકદમ જાતજાતનાં મિષ્ટાન તથા ખાવાનાં દેખાશે. તમે જઇને મ્હેમાનોને નોતરો."

પછી જ્યારે બધા મ્હેમાનો આવ્યા, ત્યારે તેણે ટેબલને કહ્યું "ટેબલ ભાણું પીરસ." પણ કાંઇ દેખાયું નહિ! તેથી તે ઘણો ઝંખવાણો પડયો અને બધા મ્હેમાનોને ભુખ્યા ભાણા પોતાને ઘેર જવું પડયું અને દરજી તો દરજીજ રહ્યો.

(૪)

મગન મીલમાં જઇ રહ્યો. ત્યાં પણ તેણે કામથી પોતાના શેઠને બહુ ખુશી કર્યો. જ્યારે તેને ઘેર જવાનું મન થયું ત્યારે શેઠે તેને એક ગધેડો આપ્યો અને કહ્યું કેઃ તું આ ગધેડા નીચે લુગડું પાથરીને કહીશઃ—'સોનૈયા,' કે તરતજ ગધેડાના મ્હોંમાંથી સોનાની મહોરોનો ઢગલો પડશે. જા, સુખી થજે.

મગન ચાલતો થયો અને રાત પડી ત્યારે પેલી આગળ જણાવેલી ધર્મશાળામાંજ ઉતર્યો. ત્યાં રાત રહ્યો, પહેલેથીજ તેણે ધર્મશાળાના માલીકને થોડીક ગીનીઓ આપી, જેથી તેને બહુ આશ્ચર્ય લાગ્યું. પણ કોઈ ચીજ વેચાતી લેવા માટે પેલા છોકરાએ પોતાના ગજવામાં હાથ નાંખ્યો, તો એક પણ ગીની ન મળે. તેથી ઓરડામાં ગધેડાને લઇ જઇ બારણું વાસ્યું અને તેની નીચે લુગડું પાથરીને, "સોનૈયા"

કહ્યું કે તરતજ સોનાના સિક્કાનો ઢગલો થયો. આ બધું તે ધર્મશાળાના માલીક જોયું, તેથી તેને રહેવાનો ખુબ આગ્રહ કર્યો. બપોર સુધી તે ત્યાં રહ્યો. તે વખતમાં તે માલીકે ગધેડો બદલી લીધો. બપોરે તે ચાલ્યો અને ઘેર પહોંચ્યો. દરજીએ આવકાર આપ્યો, અને પૂછ્યું, "દીકરા શું લાવ્યો?"

"આ ગધેડો." તેણે જવાબ દીધો.

"અરે આ ગામમાં ગધેડાં તો ઘણુંય છે. શું આ માટે લાવ્યો?" બાબને ગધેડાની નીચે લુગડું પાથરીને કહ્યું "સોનૈયા!" પણ એકે સોનૈયો દેખાયો નહિ તેથી તે ઝંખવાણો પડી ગયો અને દરજી તે દરજી રહ્યો!

ત્રીજો દીકરો નાનુ સંઘાડીઆને ત્યાં જઈને રહ્યો હતો. ત્યાં તેણે બહુ [illegible] બહાદુરી બતાવી. એ પોતાના બે ભાઇઓ [illegible] ત્યાં રહ્યો. તેણે પોતાના બંને ભાઇઓની [illegible] હતી. તેને ખબર હતી કે બંને દુ:ખી [illegible] બંનેને કેવી રીતે [illegible] લેવામાં આવ્યા હતા [illegible] હતો, એ પણ તેના જાણવામાં આવ્યું હતું.

જ્યારે તેને ઘેર પાછા જવાનો [illegible] તેના શેઠે તેને એક લાંબી કોથળી આપી. કોથળામાં એક ધોકો હતો.

તેના શેઠે કહ્યું: "હું હવે તુને બરાબર સમજાવું. જે કોઇ તને મારે, દુઃખી કરે, અપમાન કરે, કે કંઇ પણ નુકસાન કરે તો તારે તરતજ કહેવું કે "ધોકા, બહાર!" આટલુંજ બોલતાંની સાથે એકદમ તેની અંદરનો ધોકો નીકળી તે માણસને મારશે. પછી જ્યારે તારી ઇચ્છા ખેંચી લેવાની થાય કે તરતજ "ધોકા, અંદર!" કહેવું એટલે તે પાછો કોથળીની અંદર પેંસી જશે."

નાનુએ શેઠનો આભાર માન્યો. ખભા ઉપર ધોકો ઉપાડીને તે ચાલતો થયો. રસ્તે પેલી આગંથવાળી ધર્મશાળામાંજ એ ગયો. ત્યાં ઉતારો કરી તેના માલીકને થોડા પૈસા આપી રાત રહેવા વિચાર કર્યો. જમીને એ સુતો, એટલે વીશીવાળે વિચાર કર્યો કે આ કોથળી સોનારૂપાથી ભરેલી હોવી જોઇએ. જેવો તે છોકરો સુતો કે તરતજ ત્યાં આવી તે પેલી કોથળી લેવા લાગ્યો. પણ નાનુ ઉંઘતો નહોતો. તે તો વાટ જોઇનેજ બેઠો હતો. તેણે તરતજ કહ્યું "ધોકા, બહાર!" તરતજ ધોકો બહાર નીકળી પેલાને મારવા લાગ્યો. નાનુએ તેને ખુબ મુંઝાવ્યો અને પોતાના ભાઇઓને છેતર્યાનું તેની પાસે કબુલ કરાવ્યું. આખરે માલીકે કંટાળી જઇને કહ્યું કે આ ધોકાને ખેંચી લે તો હું તને ટેબલ અને ગધેડું પાછાં આપું. આથી [illegible]

... ... "ધોકા, અંદર!" તે સાંભળીને ધોકો કોથળીની અંદર આવી બેસી ગયો. પછી ગધેડા, ટેબલ અને કોથળી લઈ, પોતાના બાપને ત્યાં જઈને નાનુ તેને પગે લાગ્યો. બાપે તેને આવકાર આપ્યો, અને પૂછ્યું: "કેમ, શું કમાયો?"

"જાદુઇ ગધેડું, અજબ ટેબલ અને તે ઉપરાંત એક કોથળી!—મારા બન્ને ભાઇઓને બોલાવો અને કુટુંબી-ઓને તેડો; કારણ કે તેમને મારે જમણ તથા સોનૈયા આપવા છે." નાનુએ જવાબ દીધો.

તરતજ બંને ભાઇ અને મ્હેમાનો આવ્યા. મોટા ભાઇને ટેબલ આપી કહ્યું કે તમારૂં કામ ચલાવો. પછી મોટા ભાઇએ ટેબલ આગળ બેસી કહ્યું: "ટેબલ, ભાણું પીરસ." તરતજ ટેબલ ઉપર દુધપાક પુરી વગેરે પીરસાયેલાં નજરે પડ્યાં. સૌ પેટ ભરીને જમ્યા. પછી વચલા ભાઇને બોલાવી કહ્યું: "લ્યો આ ગધેડા ને તમારૂં કામ ચલાવો." તરતજ તેણે આવી લુગડું તેની નીચે પાથરીને કહ્યું: "સોનૈયા." તરતજ લુગડા ઉપર સોનૈયાનો ઢગલો દેખાયો. સૌએ જેટલા લેવાયા તેટલા લીધા. પછી દરજી અને તેના દીકરાઓ સુખેથી રહેવા લાગ્યા.



નીશીવાળાને પીઢનો માર પડે છે

(૬)

પેલી બકરીનું શું બન્યું તે હવે જોઈએ. તેનું માથું બોડેલું હતું તેથી તે બહુ શરમાઈ અને દોડી જઈ શિયાળિયાની ગુફામાં ભરાઇ ગઇ. જ્યારે શિયાળ આવ્યું ત્યારે તેની બે ચળકતી આંખો જોઇને બ્હીને ભાગી ગયું. રસ્તામાં એક વરૂ મળ્યું અને બંને જણાં પાછાં ગયાં. પણ જેવા ત્યાં પહોંચ્યા કે તરતજ તેઓ બંને સાથે પણ બીધા અને નાસી છુટ્યા. રસ્તામાં વરૂને એક મધમાખ મળી. વરૂએ તેની મદદ માટે વિનંતિ કરી એટલે મધમાખ જઈને બકરીના માથા ઉપર બેઠી અને તેને ખૂબ ચટકા ભર્યા, તેથી તે બેં બેં કરવા લાગી. આથી શિયાળે અને વરૂએ તેને ઓળખી લીધી અને ફાડી ખાધી.

આ પ્રમાણે જુઠી બકરી મરી ગઈ!





સવિતા અને દિનકર એ બે નાનાં કુમળી વયનાં ભાઈ બ્હેન હતાં. તેમના પિતાશ્રી ક્ષયની બિમારીથી પીડાતા હતા. દાક્તર સાહેબ તેમને હવાફેર માટે માથેરાન, મહાબળેશ્વર કે એવી હવા ખાવાની જગાએ જવાની સલાહ આપતા હતા; પરંતુ મધ્યમ સ્થિતિનું કુટુંબ; મહા મહેનતે ગુજરાન કરતું હતું, તેમાં વળી મંદવાડે રોજી બંધ કરી હતી અને અસહ્ય મોંઘવારી, એટલે મનની અભિલાષા પૂરી થવાનો સંભવ ન હતો. માતુશ્રી ચિંતાતુર રહેતાં હતાં. પિતાજીને પણ નિરાશા હતી.

આની અસર આ બે ભાઈબ્હેન પર પણ થઈ. તેમણે બાળબુદ્ધિથી આના ઉપાયની શોધખોળ કરવા માંડી. એક વખત તેમની વચ્ચે નીચે પ્રમાણે વાતચિત થઈ.

દિનકર—કેમ સવિતા, આપણે કોઈ રીતે પૈસા મેળવીએ તો કેવું સારૂં! તને પૈસાદાર થવું ગમે છે?

સવિતા—હા ભાઈ, પરંતુ મોજમઝા ભોગવવા માટે નહિ. બાપુજીની તબીયત સુધારવા સારૂ ડાક્તર સાહેબના કહેવા મુજબ તેમનાથી હવાફેર કરી શકાય એટલા પૈસાની ખાસ જરૂર છે. પણ તું તો મૂર્ખ છે. આપણી ઉમર હજીએ નાની છે. એટલે પૈસા ક્યાંથી મળે?

દિનકર—બહુ સારૂં. છોકરીઓ તો જે તે વાંધા કાઢ્યાજ કરે. સાંભળ. આજેજ મેં એક છાપામાં વાંચ્યું છે કે સમડીના માળાની લોકો બહુ મોટી કિંમત આપે છે. તેં મને તે દહાડે માળો બતાવ્યો હતો અને મને હજુ તે જગા યાદ છે. આપણે જઈને તે લઈ આવીએ. પછી આપણે માળો વેચીને પૈસા મેળવીશું અને બાપાજીને હવા ખાવા જવાની જોગવાઈ થશે.

સવિતા—જા, જા, ગાંડા. વળી માળો તે કોણ ખરીદ કરતું હશે? બીજું તેં એ પણ વિચાર કર્યો છે કે તે માળો લાવાથી બિચારી સમડીને કેટલું દુઃખ થશે! તે નિરાધાર

થઇ જશે; તેનાં ઇંડાં બધાં ખરાબ થઇ જશે; તેનાં બચ્ચાં મરી જશે. આવો નિર્દય મેં તને આજેજ જાણ્યો.

દિનકરને પણ પક્ષીઓ તરફના ઘાતકીપણાનો વિચાર આવ્યો એટલે તેનું મોં લેવાઈ ગયું; છતાં પછી બાપાજી સંબંધી વિચાર આવ્યો; એટલે બોલ્યો:

"પણ આપણે તો બાપાજીની તબીયત સુધારવા માટે પ્રયાસ આદર્યો છે, અને તને ખબર તો હશે કે પક્ષીઓ દર વર્ષે માળા બાંધે છે."

સવિતાના મનને આ વાત ગમી. અને બીજે દિવસે સવારમાં ઉઠીને માળો લઈ આવવાનું બન્નેએ ઠરાવ્યું.

દિનકરે કહ્યું—"પ્હો ફાટતાંજ આપણે નીકળીશું. બારી ઉઘાડી રાખીને સૂઈ જજે એટલે વહેલું ઉઠાશે અને સૂતી વખતે માથું ઓશીકા ઉપર ચાર વાર ઠોકજે એટલે બરાબર ચાર વાગે ઉઠાશે."

સવિતા કહ્યા પ્રમાણે બરાબર ચાર વાગે ઉઠી; તેણે દિનકરને જગાડ્યો અને બન્ને જણ જરા પણ અવાજ કે ખડખડાટ કર્યા વિના નીચે ઉતરીને બહાર ગયાં.

બહારનો દેખાવ રમણીય હતો. હવા ઠંડી તથા તાજી હતી. સવિતા બોલી ઉઠી:—"ભાઈ, બધાં માણસો વહેલાં ચાર વાગે ઉઠીને કામે કેમ લાગી જતાં નથી? આ વખતે

નિશાળમાં જવું તો ઘણુજ સારૂં લાગે અને દાખલા ગણવા તો બહુજ સહેલા થઈ જાય, નહિ વારૂ! મુખપાઠ પણ ઝટ આવડે."

વિનોદમાં અને મજામાં વાતો કરતાં કરતાં આ નાનકડાં ભાઈબ્હેન હાથમાં હાથ મેળવી નદી કિનારે જઈ પહોંચ્યાં. માં તેમને ખાવાનું આપ્યું હતું તે ખાઈ લીધું અને નિર્મળ પાણી પીધું. નદી કિનારે માળાની શોધ કરવા માંડી. અને ઝટ ખોળી પણ કાઢ્યો. એટલામાં સામે કાંઠેથી એક માણસનો અવાજ સંભળાયો.

"અરે છોકરાં, તમે કુકડા બોલ્યો કે તુરતજ ઉઠીને આવ્યાં છો કે શું? અહિં શું ખોળો છો?" એવું બોલતો એક ગૃહસ્થ આવી પહોંચ્યો.

દિનકરે જવાબ દીધો—અમે સમડીનો માળો લેવા આવ્યાં છીએ. તેના બહુ પૈસા ઉપજશે.

તે ગૃહસ્થ બોલ્યો—તમારે કેટલા પૈસા જોઇએ છે?

દિનકરે કહ્યું—લગભગ ૨૦૦ રૂપિયા, સાહેબ. પેલાએ માથું ધુણાવ્યું, અને કહ્યું કે એ તો બહુ ભારે કિંમત કહેવાય. તમારે એ રકમ શા સારૂ જોઇએ છે?

હવે સવિતાનો વારો આવ્યો. તેણે ઘણીજ [illegible]કારક રીતે બાપાજીના માંદવાડની તથા તેમને [illegible]

જરૂરની હકીકત કહી. હવાફેર કરે તોજ તેઓ બચે એમ કહેતાં મુકુંલા ઝળગળી થઈ ગઈ. આથી તે ગૃહસ્થ પર સચોટ અસર થઈ. તે ઉમળકાથી બોલ્યો:

બાળકો, હું કુદરતનો રસીઓ છું—ફોટોગ્રાફ લેવા સા: સમડીનો માળો ખોળતોજ હતો. તમે મને બતાવ્યો તે ઠી થયું. હું તો એ માળાને અડકીશ પણ નહિ. ને પક્ષીનાં ઈં ચોરીશ પણ નહિ. તમારે પણ તેમ કરવાની જરૂર નથી પણ આ ફોટોગ્રાફ લેવાની કિંમત તરીકે હું તમારા બાપા જીને, માતુશ્રીને અને તમને બંને નાજુક ભાઈબ્હેનને મહા બળેશ્વર લઈ જઈશ. ત્યાં મારો સુંદર બંગલો છે. તેમ તમે રહીને આનંદ કરજો. બાપાજીની તબીયત જરૂર સુધર જશે. અને તમને પણ રમવાનું તથા જોવાનું મળશે.

પહેલાં તો એ વાત આ બિચારાં બાળકોના માન્યામં પણ આવી નહિ. તેમનાં કુમળાં મગજને માટે આ ભારે નવાઈ જેવી હકીકત હતી. પણ તે પૂરેપૂરી સત્ય નીવડી. પેલા માયાળુ સદ્‌ગૃહસ્થે ફોટો લીધો અને ત્યાંથી દિનકરની સાથેજ તે એના પિતાને મળવા ગયો. અને બધી હકીકત તેમને સમજાવી. પરિણામે તેમનું મહાબળેશ્વર જવા નક્કી થયું અને બે ત્રણ મહિનાની ટેકરી પરની હવાથ બાપાજીને પૂરેપૂરો આરામ થઈ ગયો.

બાળકોની ખુશીનો પાર રહ્યો નહિ અને સુજ્ઞ માબાપે પણ પોતાના સુંદર બાળકોના મનમાં નાનપણથીજ માતા પિતાની ભક્તિ તેમજ પક્ષી તરફના પ્રેમભાવના સંસ્કાર ઉદય પામેલા જોઈ પરમેશ્વરનો ઉપકાર માન્યો.

જ્યારે જ્યારે આ વાત ભાઈબ્હેન પરસ્પર સંભારે છે, ત્યારે ત્યારે તેમને ખાસ આનંદનું કારણ એ જણાઈ આવે છે કે માળો ચોરવાની તેમને જરૂર પડી નહિ. માતાપિતા માટે ચિંતા કરવી એ તો હરેક બાળકનો ધર્મ છે એમ તેઓ સમજે છે, અને તેને તેઓ પોતે મોટું રૂપ આપતાં નથી.



એક હતો ચોર. તેને એવો નીમ હતો કે એક વરસમાં એક વાર ચોરી કરવી. બીજી વાર નહિ.

એક દિવસ એ ચાલ્યો ચોરી કરવા. રસ્તામાં એક નદી આવી ત્યાં એ બેઠો. એટલામાં એક વાણિયો ત્યાં આવ્યો. એને બહુ તરસ લાગેલી. ખોબો ભરીને એ પાણી પીવા જાય છે ત્યાં તો એણે ચોરને જોયો. વાણિયાના પેટમાં ફાળ પડી. પાણી પૂરું પીધા વિના તે ઊઠ્યો.

ચોર કહે, "શેઠજી, પૂરું પાણી તો પી લ્યો."

વાણિયો કહે, "બસ ભાઈ, મારે વધારે પીવું નથી."

ચોર કહે, "શેઠ, તમે ભડકો મા. હું તમને નથી લુંટવાનો. વિશ્વાસ રાખો ને પાણી પી લ્યો. મારે તો મોટી ચોરી કરવાની છે." વાણિયાએ પાણી પીધું. ચોર કહે, "શેઠ! તમારી પાસે આ લાકડી છે, તે મને આપો. હું પૈસા આપીશ."

વાણિયાના મોંઢા ઉપરથી લોહી ઉડી ગયું. એ બોલ્યો, "ભાઈ, મારાથી લાકડી વિના ચલાય નહિ. લાકડીને ટેકે તો ચાલું છું. આવા વગડામાં બીજી લાકડી ક્યાંથી લાવું?"

ચોરે લાકડી ઝુંટવી લીધી અને એને ચીરી, ત્યાં તો માંહેથી ચાર રત્નો નીકળ્યાં.

દાંત કાઢીને ચોર કહે કે "શેઠજી, તમને મેં અભય વચન દીધેલું. તો યે તમે મારી પાસે ખોટું બોલ્યા. લ્યો, તમારાં રત્ન. મારે એ ખપે નહિ. તમે ક્યે ગામ જાઓ છો?"

શેઠ કહે, "ઉજેણી નગરી."

ચોર કહે, "ત્યારે ઉજેણીના રાજા વીર વિક્રમને કહેજો કે આજે રાતે હું ચોરી કરવા આવીશ; માટે હુશિયાર રહે."

વાણિયાએ જઈને વીર વિક્રમને ખબર દીધી.

રાજા વીર વિક્રમ તો વિચાર કરવા લાગ્યા કે ઓહો! આવો બહાદુર ચોર કોણ હશે! આ ચોર તો સામેથી

સમાચાર મોકલાવે છે !

રાજાજીએ હુકમ કર્યો કે, આજ રાતે હું એકલો આખા નગરની ચોકી કરવાનો છું, માટે બધા સિપાઇને રજા આપવાની. કોઇએ આજ રાતે આવવાનું નથી. નગરનાં માણુસોને પણ કહેજો કે નિરાંતે સુઈ જાય.

રાજાજી તો દેવતાઈ પુરૂષ હતા. એના વચન ઉપર બધાને વિશ્વાસ હતો. રાત પડી. ચોકીદારો બધા પોતપોતાને ઘેર ગયા. ગામનાં માણુસો પણ સુઇ ગયાં. નગરગઢના દરવાજા દેવાઇ ગયા.

રાજાજી એકલા ચોરનો વેશ લઇને નગરની અંદર ગઢની રાંગેરાંગે ફરવા લાગ્યા. ફરતાં ફરતાં એક જગાએ ઉભા રહ્યા. એમને લાગ્યું કે અહિંથી ચોર ઉતરશે.

ત્યાં તો બહારથી પેલો ચોર ગઢ ઉપર આવ્યો. ચોરે જોયું કે અંદર એક આદમી ઉભો છે એટલે તે પાછો ઉતરવા લાગ્યો. રાજાએ સીસોટી મારી. ચોરો એક બીજાને જોઈ સીસોટી મારે તેવીજ એ સીસોટી હતી.

પેલો ચોર સમજ્યો કે આ કોઈ મારોજ ભાઇબંધ લાગે છે. એટલે એ અંદર આવ્યો. વિક્રમરાજા કહે ચાલ દોસ્ત, હું આ ગામનો ભોમિયો છું. તને સારાં ઠેકાણાં બતાવું. બંને જણાં ચાલ્યા. ચાલતાં ચાલતાં એક શાહુકારનું ઘર

આવ્યું. રાજાએ અંદર જવાનો રસ્તો બતાવ્યો. ચોર અંદર ગયો. ત્યાં શેઠ શેઠાણી ભર ઉંઘમાં સૂતેલાં. ચોર થોડી વાર ઉભો. ત્યાં ઉંઘમાં ને ઉંઘમાં શેઠાણી બોલ્યાં કે "કોણ એ, ભાઇ ?"

આ સાંભળીને તરત ચોર બહાર નીકળ્યો. રાજાને કહે કે "ચાલો બીજે ઘેર. અહિં ખાતર નથી પાડવું."

રાજા કહે "કેમ વારૂ ?"

ચોર બોલ્યો, "શેઠાણીએ મને ભાઈ કહ્યો. બ્હેનને તો કાંઇક દેવું જોઇએ. તેને ત્યાં કંઈ ચોરી થાય !" પછી પોતાની પાસેનો એક સોનાનો વેઢ હતો તે શેઠાણીની પથારીમાં મૂકી આવ્યો.

પછી બેય જણા બીજે ઠેકાણે પહોંચ્યા. ચોર અંદર ગયો. ત્યાં શેઠાણી સૂતેલાં. ચોરનો હાથ એક મીઠાની ગુણ ઉપર પડયો. એના મનમાં એમ થયું કે આ સાકર છે. એક ગાંગડો લઇને મોઢામાં મૂકયો, તો મીઠું નીકળ્યું. ચોર તરત બહાર નીકળ્યો.

રાજા કહે, "કેમ થયું ?"

ચોર બોલ્યો, "ભાઈ, આ ઘરનું લુણ (મીઠું) મારે પેટમાં પડ્યું. મારાથી લુણહરામ થવાય નહિ. ચાલો, બીજે ઘેર."

રાજાને થયું કે "આ તે ચોર છે કે સંત?"

ત્રીજે ઘેર ગયા. રાજાએ રસ્તો દેખાડ્યો. ચોર અંદર ઘૂસીને હાથ ફેરવે તો એક જુવારના [illegible] એનો [illegible] નીકળ્યો ને રાજાને કહ્યું કે [illegible] શુકન બહુ સારાં થયાં. ચાર હાથમાં આવી; પણ જો ઘરમાં શુકન થયાં તો ચોરને કંઈ લૂંટાય! શુકન [illegible] [illegible] ચાલો બીજે ઘેર."

રાજા કહે, "ચાલ, ત્યારે રાજમહેલ ફાડીએ."

બેય જણા આવ્યા રાજમહેલમાં. રાજમહેલની અંદર દાખલ થયા તો એક પણ ચોકીદાર ન જોયો. ચોર પૂછે છે, "ભાઈ! આ તે શું? ગામમાં કોઈ ચોકીદાર નહિ, દરબારગઢમાંયે કોઈ નહિ! રાજા વિક્રમનો બંદોબસ્ત તો બહુ વખણાય છે ને!"

રાજા કહે, "અરે ભાઈ! એ બહારની દુનિયામાં મોટી મોટી વાતો સંભળાતી હશે. અહિં તો આવું અંધેર ચાલે છે. રાજા કાંઈ ધ્યાન નથી દેતા."

મહેલમાં રાણી હિંડોળાખાટ ઉપર સૂતેલાં. રાજા ચોરને કહે કે "આ ખાટના પાયા સોનાના છે. પાયા લઈ લઈએ એટલે છોકરાંનાં છોકરાં બેઠાં ખાય."

પણ ખાટ શી રીતે કાઢવી? રાણીજી જાગી જાય તો

પછી ચોરે એ ખાટ હેઠળ ઉપરાઉપરી ગાદલાં ખડકવા માંડયાં. ખાટને અડે એટલો મોટો ઢગલો કર્યો. પછી છરી લઈને ચારે તરફની ખાટની પાટી કાપી નાંખી. એટલે રાણીજીનું શરીર નીચે ગાદલાં હતાં તેમના ઉપર રહી ગયું.

પછી ચોરે દાંત ભરાવીને ખાટને આંકડીમાંથી ખેંચી લીધી. પછી એને વીંખીને ચાર પાયા જુદા કાઢ્યા. ચારે પાયા લઈને બન્ને જણા પાછા ગઢની રાંગે પહોંચ્યા.

પેલો ચોર કહે, "લે ભાઈ, આ બે પાયા તારા, ને બે મારા; સરખો ભાગ."

રાજા કહે, "હું એકજ પાયો લઈશ. મહેનત તો તારી છે."

ચોર કહે, "ના, તેંજ મને ઠેકાણું બતાવ્યું. તારી મહેનત પણ ઘણી છે."

ત્યાં તો ઝાડ ઉપર એક ચીબડી બોલી.

તુરત ચોરે રાજાને કહ્યું, "ઓળખ્યા તમને; શાબાશ છે, રાજા! માથે રહીને ચોરી કરાવી કે!"

રાજા હસી પડયા ને પૂછ્યું, "તેં શી રીતે જાણ્યું કે હું રાજા છું?"

ચોરે કહ્યું, "રાજાજી, હું પંખીની બોલી સમજું છું. આ ચીબડી બોલી એનો અર્થ એમ થાય છે કે—

માલનો માલિક તો અહૂ જ ઊભો છે!"

રાજાએ શાબાશી આપી. [illegible] મને મહેલે લઈ ગયા. બીજે દિવસે મોટી કચેરી [illegible] ઇનામ આપ્યું; [illegible] વખાણ કર્યાં, અને રાજ્યમાં મોટી નોકરીએ નીમ્યો.





ઘણાં વરસ પહેલાં બંગાળામાં એક મોટું રાજ્ય હતું. ત્યાંનો રાજા શૂરવીર અને દાનો હતો. તેની રાણી પણ ધર્મશીલ હતી. તેમને સંતાન સિવાય બધું સુખ હતું. સંતાન નહિ હોવાથી તે ઉદાસ રહેતાં. વેર પારણું બંધાય એવી આશાથી તેમણે અનેક વ્રત કર્યાં, અને પરમેશ્વરને ઘણા કાલાવાલા કર્યાં.

એક દિવસ રાણીને એક સાધુપુરૂષ મળ્યા. તેમ[illegible] કે, "તને એક બહુ રૂપાળો પુત્ર થશે. [illegible] તરત મળે એવી તેનામાં દિવ્ય શક્તિ આવ[illegible]



રાણી આનંદ [illegible]

[illegible].

પછી રાણીએ પૂરે દિવસે, [illegible] તે [illegible] પુત્ર [illegible] રાજ્યમાં [illegible] ઉત્સવ [illegible]. રાજાએ પોતાના દરબારમાં [illegible] કર્યો, અને ગરીબોને પુષ્કળ દાન આપ્યું.

પરમેશ્વરની કૃપાથી પુત્ર-પ્રાપ્તિ થઈ. પછી તેનું નામ નિરંજન પાડ્યું. છોકરાને ઘુંટણીઆં તાણતાં આવડ્યાં, [illegible] રાણી તેને બાગમાં [illegible] [illegible]. તે [illegible] [illegible] કરતો. એક દિવસ રાણી પોતાના નિત્યક્રમ પ્રમાણે કુંવરને ન્હવરાવી, બાગમાં ફુલના માંડવા નીચે ઠંડી હવામાં બેઠી હતી. ત્યાં છોકરાને રમતાં રમતાં ઉંઘ આવી ગઈ. રાણી પણ થોડી વારમાં ઉંઘી ગઈ.

રાજાને ત્યાં દુષ્ટબુદ્ધિ નામનો એક રસોઇઓ હતો. રાજપુત્રમાં દિવ્ય શક્તિઓ રહેલી છે, એવી તેને ખબર પડી હતી. તેથી તે દિવસે બાગમાં લાગ જોઈને રાજપુત્રને રાણીની સોડમાંથી ઉંચકી પોતાના ખભા ઉપર નાંખી, ત્યાં એક મરેલું જનાવર મૂકી પોતે દૂર દેશમાં નાસી ગયો અને ત્યાં પોતાનો સ્વાર્થ સાધવાની પેરવી કરી.

દુષ્ટબુદ્ધિએ રાજપુત્ર કને કહેવરાવ્યું કે 'રાજાને ઘોડો

એવો કિલ્લો જોઇએ છે.” એટલે એક મજબૂત કિલ્લો બંધાઈ ગયો. રાજપુત્ર એકલો છે, તેની સાથે રમવાને કોઈ સોબતી હોય તો સારૂં. એમ વિચારીને હુષ્ટબુદ્ધિએ તેને પૂછયું કે “તારે એક સુંદર બચુકડી બ્હેનપણી જોઇએ છે?” રાજપુત્રે હા કહી, એટલે એક સુંદર છોકરી આવી. એક બીજાના સહવાસથી બન્ને જણ હળી મળી આનંદથી રહેવા લાગ્યાં.

બીજી બાજુ રાણી જાગી ને રાજપુત્રને જોયો નહિ, તેથી તે રડવા લાગી. બધાંનાં મનમાં થયું કે કોઇ હિંસક પક્ષીએ કુંવરને મારી નાંખ્યો હશે. રાજાને ઘણું દુઃખ થયું અને રાણીની બેદરકારી ઉપર તેને ઘણી રીસ ચઢી.

જ્યાં કોઇથી જવાય નહિ એવી એક ઉંચી ટેકરીની ટોચ ઉપર એકદંડીયો મહેલ રાજાએ રાણીને બાંધી આપ્યો અને ત્યાં અન્નપાણી વગર તેને રાખવા પ્રધાનને હુકમ કર્યો. પ્રધાને નિરૂપાયે રાજાની આજ્ઞા પાળી રાણીને પેલા મહેલમાં મોકલી. રાણી પોતાના નસીબને દોષ દેતી ત્યાં રહી.

બપોર થતાં, રાણીને જમવાની વખત થઇ ત્યારે મહેલ નજીકની ગુફાની બખોલ ઉપરનો પથ્થર ખસેડી બે પક્ષીઓ એની પાસે આવ્યાં. તેઓ [illegible] હતાં. તે થાળી માં પીરસીને તેમણે કહ્યું, કે અહિં બાગમાં સાધુપુરૂષ રહે

... પક્ષીઓએ
... એ થોડા
... દિલાસો
... આવી ... આવનો
આપી ... આ ગયાં. રસોઇ ... તો
... ને તેના ...
અહિં એકાન્ત ...
હતો.

આણી પાસ નિરંજ... ની.
દુષ્ટબુદ્ધિને ... જ-
... પોતાના ... ની ... ખબર નહોતી ... રંજ
મોટો થવા લાગ્યો એટલે તે પોતાનાં માબાપની શોધ કરશે ત્યારે મારી બૂરી દશા થશે એમ જાણી દુષ્ટબુદ્ધિને તેનો નાશ કરવાની ઇચ્છા થઈ.

તેણે મોહિનીની મદદ માંગી, અને કહ્યું કે "બપોરે નિરંજન ઘેર આવે ત્યારે એની જીભ કાપી નાંખજે." પ્રિય મોહિની આ સાંભળી અત્યંત દુઃખી થઈ, અને આ વાત નિરંજનને કહેવી, એમ વિચાર કરીને તેણે તેને કહી. નિરંજને થોડી વાર વિચાર કરીને કહ્યું કે "તું એક બકરું મારી તેની જીભ લાવજે અને સાંજે જ્યારે આવે ... તેને

દેખ... ... સાંભળી મોહિનીને નિરાંત વળી અને [illegible] કને મારી તેની જીભ નિરંજનના ખંડમાં મૂકી રાખી [illegible] બુદ્ધિની રાહ તે જોતી બેઠી.

સંધ્યાકાળે દુષ્ટબુદ્ધિએ આવીને પૂછ્યું, કે "મારા [illegible] પ્રમાણે કર્યું કે નહિ?" મોહિની તરતજ તેને પેલા ખંડમાં લઈ ગઈ, અને જીભનો કટકો બતાવ્યો. આ જોઈને એ તો રાજી રાજી થઈ ગયો. તે ઘડીએજ નિરંજને બહાર નીકળી તેને શાપ આપ્યો, કે "નીચ! મ્હોંમાંથી તણખા જેવો અગ્નિ નીકળતો હોય તેવો તું એક કાળો કુતરો થઈ જા." રાજપુત્રના મ્હોંમાંથી શબ્દ નીકળતાંજ એ કાળો કુતરો થઈ ગયો. નિરંજને તેને એક ઠેકાણે બાંધી રાખ્યો.

બીજે દિવસે નિરંજને મોહિનીને કહ્યું, કે "કાલે રાત્રે, એક સાધુપુરૂષે સ્વપ્નામાં આવી મને મારી સઘળી હકીકત કહી; અને તેથી મારાં માબાપને જોવાની મને ઉત્કંઠા થઇ છે. હું આજેજ જઇને તેઓને મળીશ અને પછી તને તેડવા આવીશ." મોહિનીનો વિચાર સાથે જવાનો હતો, પણ નિરંજનનું કહેવું કબૂલ રાખવું પડ્યું. એટલામાં નિરંજનને થયું કે વખતે રસ્તામાં કંઈ વિઘ્ન પડે તો! [illegible] ધારી મોહિનીને 'બટમોગરાનું ફુલ' બનાવી લઇ અંગરખાના ખિસ્સામાં મૂક્યું.

... ક દિવસે, કાળા કૂતરા સાથે, નિરંજન નગર આગળ ... પ્હોંચ્યો. ત્યાં આવી તેણે એક ટેકરી પર, જ્યાં કોઈ ... નહિ એવું ઘર ... ઉપર જઈને જોવાની એને ... ઇચ્છા થઈ. ... ત્યાં જઈ ... મહીને ... ઘરમાં જઈને ... જેવા પહેલી ... ની જોઈ.

પછી ... બહાર આવી ... પૂછ્યું; ત્યારે ખબ... કે તે ... પ્રિય માતા છે, ... રસોઈ ... તેથી છે. આ હકીકત ... ગયેલ અને ..., ... આવું કેમ થઈ ગયું !" શાણીને ... અવાજ ... વળી નવાઈ લાગી; કારણ તેણે ... વરસથી માણસનો શબ્દજ સાંભળ્યો નહોતો. તેથી તેને સંશય થયો કે વખતે પક્ષીઓ આવ્યાં હશે; એમ ધારી તેણે કહ્યું કે "હું ... જમી છું, એટલે મારે ... જોઈતું નથી."

આ સાંભળી નિરંજન અંદર ગયો અને ... "આ મા, હું તારો પુત્ર નિરંજન. ... આવ્યો છું. હવે તું શોક છોડી દઈ વ્હાલથી ... " ... તો આ સાંભળી હરખઘેલી થઈ ગઈ. પછી તેણે પ્રેમથી આશીર્વાદ

આવ્યો, અને બન્ને જણ કાળા કૂતરા સાથે નગરમાં ગયાં.

રાજા આપણને એકદમ ઓળખશે નહિ, માટે થોડા દિવસ ત્યાં શિકારી થઈ રહેવું, એમ નિરંજને ધાર્યું. રાજાની પાસે જઇને તેણે આ ઇચ્છા પ્રગટ કરી. રાજાના મનમાં કે આપણા જંગલમાં રાતાં હરણ નથી, માટે તેને હરણનો શિકાર કરી લાવવાને નોકરી પર રાખ્યો.

નિરંજન કૂતરા સાથે નગર બહાર ગયો. તેની દિવ્ય શક્તિથી બધે રાતાં હરણ દેખાયાં. પછી તેનો શિકાર કરીને રાજાને ઘણાં હરણ આપ્યાં. તે જોઈ રાજાને ઘણો અચંબો લાગ્યો; તે ખુશી ખુશી થઈ ગયો.

બીજે દિવસે રાજાએ એક મોટી મિજબાની કરી. મોટા મોટા ગૃહસ્થોને બોલાવ્યા. નવા શિકારીને બોલાવ્યો. તેનું પરાક્રમ જોઈ તેના પર ખુશ થઈ ગયેલા રાજાએ તેને પોતાની પાસે બેસવાનું કહ્યું, ત્યારે તે બોલ્યો કે, "રાજાજી! હું એક સાધારણ માણસ છું. મને આટલું બધું માન હોય નહિ" પરંતુ રાજાના આગ્રહથી તેને બેસવું પડ્યું.

પણ પોતાની માને અહિં કોઈ સંભારતું નથી તે જોઇ તેને મનમાં ઘણું ખોટું લાગ્યું. પોતાની માને કોઈ બોલાવે તો સારૂં–આ સ્હેજ ઇચ્છા થતાંજ તેનામાં જે દિવ્ય શક્તિ રહેલી હતી તેને લીધે મુખ્ય પ્રધાન બોલ્યો, કે "રાજાધિ-

ગાંડોવ

તે

સાંભળી ને

બોલ્યા, " એ દુષ્ટાએ મારા એકના એક પુત્રને જંગલી

એનું નામ લેવું યે મને ગમતું

બોલી ઉઠયો, "રાજાધિરાજ,

બોલુ છું, તેની માફી માગું છું. હું તમને આજે

કહેવાનો તે તમે બધા એકચિત્તે

ગયા. નિરંજન બોલ્યો;

તમે રાણી ભારી અન્યાય કર્યો છે.

થી નાંખ્યો, પણ રાણી

વેળા તમારો રસોઈઓ તેને

યો હતો. મારી સામે જે અત્યારે બોલે છે તેજ
તમારો નિરંજન. મારામાં દિવ્ય શક્તિઓ રહેલી છે. મારી
રાણીનો તો કંઈએ દોષ નથી. જેણે આવું કાળું કામ
ને કાળા કુતરાના રૂપમાં આપની સામે ઉભો છે. તમને
જોવાનું મન હોય તો તે માણસના રૂપમાં આવી જશે."

આ શબ્દો રાજકુમાર નિરંજનના મ્હોંમાંથી બ્હાર પડ્યા ન પડ્યા, એટલામાં તો સાંકળીએ બંધાએલો કાળો કુતરો



મટમોગરાના ફૂલમાંથી નીકળી
મોહિની ત્યાં ઉભી રહી.

માણસ થઈ ગયો. તેને જોતાંજ રાજાને ઘણો ક્રોધ ચઢ્યો. તેને ફાંસીએ ચઢાવવાનો તેણે હુકમ કર્યો. રાજાને પોતાનો પુત્ર જીવતો છે એમ જાણ્યું ત્યારે આનંદ થયો અને રાણીને બોલાવવા માટે પ્રધાનને હુકમ કર્યો. નિરંજન બોલ્યો: "મને સંકટને સમયે મદદ કરી મારો પ્રાણ બચાવ્યો એવી એક 'મોહિનીને' જોવાની તમારી મરજી છે?"

રાજાએ હા કહી. એટલે નિરંજને પેલું અંગરખામાં રાખેલું બટમોગરાનું ફુલ કાઢ્યું; અને 'મોહિની' એમ બૂમ પાડતાંજ, તે ફુલમાંથી નીકળીને ઉભી રહી.

આ જોઈ રાજાને ઘણો આનંદ થયો; અને તેણે પાછી લઈ હર્ષનાં આંસુથી નવરાવી. રાણીને ઘણું દુઃખ પડ્યું તેથી રાજા પશ્ચાતાપ કરવા લાગ્યો. મધુર વચનથી રાણીનું તેણે સાંત્વન કર્યું. પછી બધાં સુખેથી રહેવા લાગ્યાં; અને આનંદ આનંદ થઈ રહ્યો.

રાજગોરે આવી નિરંજનને રાજતિલક કર્યું. મોહિની નિરંજનને પરણી. આખું ગામ લગનમાં મહાલ્યું અને સારૂં સારૂં ખાઈ પી સુખી રહેવા માંડ્યું.



પ્રમુક્ષ નામનો એક દેશ છે, ત્યાં બાળકોને કોઇ દિવસ શિક્ષા કરવામાં આવતી નથી. છોકરાં ગમે તેટલાં તોફાની, ગમે તેટલાં હઠીલાં, અને ગમે તેટલાં કહ્યું ન માનનારાં હોય તો પણ તેમને શિક્ષા કરવામાં નથી આવતી. તે દેશના કાયદામાંજ એવી બંધી હતી. પણ એને બદલે બીજું એક હતું. જ્યારે આ હઠીલાં છોકરાં રાત્રે ઉંઘી જતાં, ત્યારે બે કાકાકૌઆ આવતા, આ છોકરાંઓને લઈ જતા, અને સ્હવારે ઉઠે તે પહેલાં પાછા લાવી મૂકતા. સજા કરવાના કરતાં તો આ સારૂં, નહિ વારૂ ! બીજે દિવસે સાધા

રજુ રીતે તોફાની [illegible] લઇને સ [illegible] હાસતાં.

આ ભૂમિમાં કનુ અને કાન્તા [illegible] એકલાં એક [illegible] સાથે રહેતાં હતાં [illegible] તો સારાં હતાં અને [illegible] તેમને [illegible] ન હતી. [illegible] હોવાથી [illegible] માથું ચોળવાને [illegible] ચોળવાનું કહેવામાં આવતું ત્યારે કાન્તા [illegible] ન રહે. એક દિવસ તો [illegible] ચોળ [illegible] આવ્યું, કે તેણે [illegible] પગ [illegible] તો રોવા લાગી, [illegible] કે એની [illegible] દાને ખસેડી નાંખી, [illegible] તારૂં માથું નહિ ચોળાય [illegible] છે. બીજે દેશમાં હત, તો માથું [illegible] કરૂં, [illegible] આણીને રહ્યાં છીએ.''

[illegible] એટલે ચાલી રાણી [illegible] રેતીના ઘર બનાવવા [illegible] થયો હતો, [illegible] જોઈને [illegible] કાન્તા તે [illegible] જ્યારે [illegible]

ઝ… સાંભળવા લાગી ત્યારે કુંડીનું પાણી મા …
રેડી દીધું. માએ કંટાળી … વિનાજ લુગડાં પહેરાવ્યાં,
એટલે કનુ પણ ખુશી થઈ કાન્તા જોડે રમવા ગયો.

અને …

માતાની દિલગીરીનો પાર …
હતી, પણ મુંગે મોઢેજ.

છોકરાંઓ … પરંતુ
રમવાનું … ન
કરવાનો કાયદો ઘડવા માં… ઇચ્છતા
હતાં.

કનુ અને કાન્તા એમ ધારતાં હતાં કે મા સાંજે ખુશ
થશે અને માથાં ચોળશે, … એમાંનું
કશુંજ થયું નહિ. માએ બંને છોકરાંને એમ ને એમ
સુવાડ્યાં, એટલુંજ નહિ પણ રોજની માફક પડખામાં લઈ
વાંસે હાથ પણ ફેરવ્યો નહિ. રાતે … …
અને આ બંને છોકરાંને લઈ ગયાં. ઉડતાં ઉડતાં …
ઉંચે જઇ ઘણે દૂર પરીઓના મુલકમાં તેઓ …

'સીધા જાઓ' એટલું કહી પક્ષીઓ ઉડી ગયાં.

છોકરાંઓએ કરોળીયાના જાળાનો બનાવેલો …
દરવાજે ઉભાં… અને અંદર દાખલ થયાં. રસ્તાની બંને

...જાણી ... પડેલાં બારસ-
...કોઈ હોય તેમ આવી રહ્યાં
... આંખો
... નહિ પણ
અનેક ઘૂંટનો અ... "આ શું !

... જવાબ આપ્યો:—
... આવ્યા છો તેની પરીને ખબર પડે, એટલા
માટે ... સીધાં ...

...

... એક મજાનો બાગ
નજરે ... સુંદર ફુલ કદિ જોયા
ન હતાં ... એનો વિચાર કરતાં તેઓ આગે
... સામેથી છ સુંદર બટુકો તથા
... સુંદર ... ને આવતાં દેખાયાં. આ પરીઓનાં છોકરાં-
... કુલનાં ... લુગડાં પહેર્યાં હતાં કે તેઓ
... લાગતું.
... બોલ્યાં; પણ કનુ કે કાન્તાને

... તમ ... સાથે નહિ રમો !

તમારી સાથે રમવાનુ મને બહુ મન છે." પરીઓનાં છોક-
રાંએ માથું ધુણાવી કહ્યું, "ના, અમે તમારી સાથે નહિ
રમીએ."

પરીઓનાં છોકરાં કનુ કાન્તાને એક ન્હાના લીલા
બાજઠ ઉપર બેઠેલી પરી પાસે લઈ ગયાં. આ પરી ગુલાબના
જેવી સુંદર હોવાથી ગુલાબ છે કે પરી તે કનુ અને કાન્તા
થોડીવાર તો સમજ્યાંજ નહિ.

મીઠે અવાજે પરીએ પૂછ્યું, "આ છોકરાં કોણ છે?"

પરીઓનાં છોકરાં બોલ્યાં. "એમનાં નામ કનુ અને
કાન્તા છે."

"એમને મારી સામે ઉભા રહેવાનું કહો."

પછી કનુ અને કાન્તા પરીની સામે ઉભાં રહ્યાં અને
પરી તથા પરીનાં છોકરાંઓ તેમની સામે જોઈ રહ્યાં. પરીની
એક બાજુએ છોકરાઓ ઉભા હતા ને બીજી બાજુએ છોક-
રાંઓ ઉભી હતી. પરીએ કનુ અને કાન્તાને કહ્યું, "મને
એમ ખબર પડી છે કે તમે હઠીલાં થયાં હતાં; અને તમે
ગંદા લાગો છો."

"તેમાં શું થ[illegible] કનુ બબડ્યો; પણ
તરતજ તેને [illegible]
કે પરી પણ તેની [illegible]



પરીઓનાં છોકરાં કનુ અને કાન્તાને એક ન્હાના લીલા
બાજઠ પર બેઠેલી પરી પાસે લઇ ગયાં.

ચિત્ર.

ગઈ અને તેનો ગુલાબ જેવો ચહેરો ફિક્કો પડી ગયો.

પરી ધીરે રહીને બોલી:—"શું થઇ ગયું તે તું જાણે છે?"

આટલું કહી છોકરા અને છોકરીઓના સામું જોઈ તે બોલી, "છોકરાંઓ, આજે આ બે છોકરાંને વાંસે હાથ ફેરવ્યા વિના ને પડખામાં લીધા વિના એમની માએ કેમ સુવાડી દીધાં?"

છોકરાં બોલી ઉઠ્યાં, "તેઓ બહુ ગંદા હતાં તેથી."

"અને તમે કાન્તાએ રમવાનું કહ્યું ત્યારે તેમની સાથે કેમ ન રમ્યાં?"

"કારણ તેણે આજે માથું ઓળાવ્યું કે ઓળાવ્યું નથી. અને જે છોકરાં ચોકખાં ન હોય તેનાથી રમત સારી રીતે રમાય નહિ."

કાન્તા બોલી—"વારૂ, વારૂ, હવે! કેમ ન રમાય! રમાય."

પરી બોલી "કાન્તા, રમી જો, આ રહ્યો દડો."

કાન્તાએ દડો લીધો ને આમ તેમ ઉછાળવા લાગી. પણ થોડી વારમાં થાકીને લોથ થઇ ગઈ ને રમત પડતી મૂકી.

પરીએ છોકરાંઓને કહ્યું, "કાન્તા કેમ થાકી ગઈ તે કહો."

[illegible]એ કાન્તાને કહ્યું, "તું જાણે છે કે જ્યારે તાપ બહુ [illegible] ત્યારે આખા શરીરમાંથી પરસેવાનાં ટીપાં [illegible]"

કાન્તા પોતાના હાથ જોઈ બોલી, "મને તો કાંઈ [illegible] થયો નથી."

"તેનું કારણ એટલું જ કે તું બહુ મેલી રહે છે. શરીરનાં જે કાણાંમાંથી પરસેવો બહાર નીકળે છે તે બંધ થઈ ગયાં છે. જ્યારે તું રમે છે–દોડે છે, ત્યારે પરસેવાના પાણીને બહાર નીકળવું હોય છે, પણ રસ્તો જડતો નથી. આથી એ પાણી શરીરમાં જ રહે છે તેથી તને થાક લાગે છે."

[illegible] કનુ બોલ્યો, "આ એક વખત કહેલી હતી ખરી."

[illegible] પરીએ કહ્યું, "તે તને સાંભરે છે, છતાં તું આટલો બધો ગંદો છે, એ કેટલી દિલગીરીની વાત!"

કનુને પરીનું કહેવું ખરું લાગ્યું અને હું ગંદો છું એવી તેને પહેલવહેલી જ સમજ પડી. હાથ કાળા થઈ ગયા [illegible] અને લુગડાં ઉપર ધૂળ ધૂળ થઈ હતી. તેની મા હમેશાં તેનાં લુગડાં સાફ કરતી; પણ આજ કર્યાં નહોતાં.

પરીએ કનુને પૂછ્યું, "[illegible] તને ગમે છે?"

"હાં જી."

"તાજી અને આનંદ આપે એવી સુગંધ આવે છે! અને ફુલોના રંગ ગમે એવા છે!"

"હા જી."

"આ ફુલો તાજાં અને શોભીતાં શાથી છે તે તું જાણે છે?"

કનુ વિચારમાં પડયો.

"હંમેશાં સ્હવારમાં તેઓ ઝાકળથી ન્હાય છે. વરસાદ આવે છે ત્યારે તમારી પેઠે કળીયો કંકાસ [illegible] નથી, પણ ઉભાં રહી વરસાદનાં [illegible]

"ખરૂં કહો છો!"

"હા, કનુ! પેલા સુંદર કમળને અડક તો."

કનુ તો એ નાજુક, સુંદર પાંખડીવાળા [illegible] રહ્યો, ને પોતાના હાથ સાથે સરખાવવા લાગ્યો.


"ના ના હું નહિ અડકું. રખે ને મારા હાથથી એને ડાઘ પડે."

"ત્યારે આ છોકરાં સાથે સાતતાળી રમો. લે, હાથ [illegible] ને તાળીઓ આપ!"

અટમોગરાની ન્હાની ખીલતી કળી જેવી એક ખૂબસુરત છોકરી પાસે આવી. પણ તેને જોઇનેજ કનુ પરીને પગે પડી કહેવા લાગ્યો, કે "આવી સુંદર છોકરી ને મારા હાથ

[illegible] એ [illegible] લાગતું નથી. ધુળના થરવાળાં મારા બૂટ એની [illegible] ચપાટા ઉપર [illegible] રૂપાટ બગડયાં [illegible] મેલો કમરો [illegible]

ફૂઈ [illegible]



પણ એ [illegible] જેવી છે [illegible] કોઈ તેને [illegible] એમ તેને થયું. [illegible] આંખ જાણે ચાટલું હોય તેમ [illegible] અને [illegible] [illegible] શરીર જોઈ [illegible] [illegible] મ્હોં ઉપર બેઠા બેઠા હતા. કનુ તે [illegible] કરી ન શક્યો.

પરીએ કનુને પાસે બોલાવ્યો. તે પરી પાસે ગયો.

પરીએ વહાલથી કહ્યું—હવે તો તને ગંદા રહેવું [illegible] જ ગમતું હોય. પણ જતાં પહેલાં સાંભળ. જ્યારે છોકરાંને ચોખ્ખું રહેવું નથી ગમતું, ત્યારે તે કદિ પણ પોતે સાફ રહેતાં નથી. તેઓ ઘડીએ ઘડીએ થાકી જાય છે. તેમને બહુજ બેદરકાર રહેવાની ટેવ પડે છે. પોતાની [illegible] પણ રાજી રાખતાં નથી. તારી મા દિલગીર રહે, [illegible] તેને

ગમે છે?

"ના."

"ઠીક, ન્હાતી વેળાએ કદિ હઠ કરતો નહિ. અને દર-રોજ શરીર ચોળી ન્હાજે. ન્હાવાથી આ ફુલો જેવો તાજો અને સુંદર દેખાઇશ, તું સુખી થઇશ ને સારો રહીશ, અને તેથી કાંઇક જુદુંજ થશે."

"શું થશે?"

"જરા વિચાર કર."

કનુ હસીને બોલ્યો-હાં. હાં. હું સમજ્યો. બા અમને વાંસે હાથ ફેરવ્યા વિના નહિ સુવાડે. હાથ ફેરવે છે તે બહુ સારૂં લાગે છે.

"એમજ. માના હાથ ફેરવ્યા વિના આપણને નિરાંતે ઉંઘ આવતી નથી."

કનુ અને પરી વચ્ચેની વાતચીત સાંભળી કાન્તાએ નિસાસો મૂકયો અને નીચું જોઇ બેઠી.

"શું છે, કાન્તા?" પરીએ પૂછ્યું.

"મારૂં માથું દુઃખે છે."

"છોકરાંઓ. કાન્તાનું માથું શા માટે દુઃખે છે તે કહો."

"કારણ કે તેણે વાળ ઓળાવ્યા નથી ને ફુલેલ નંખ. નથી."

કાન્તા બહુ શરમાઈ ગઈ અને કોઈ ન દેખે તો સારૂં એમ તેના મનમાં થઈ ગયું.

"કાન્તા સાથે કોણ રમશે ?"

છોકરાંમાંથી કોઈએ બૂમ પાડી [illegible] કાન્તાનું માથું દુઃખતું હતું તેથી તે [illegible] ચિડાતી હતી; અને ચિડીયાં છોકરાં [illegible] રમે ? એની પેઠે પરી પણ બહુજ દિલગીર થઈ [illegible] એમ કાન્તા [illegible] ગઈ.

"મારી પાસે [illegible] છોકરી પાસે પરીએ કાંસકી [illegible] કાંસકી સોનાની હતી. [illegible] હતો અને ચાટલાનું [illegible] [illegible] મોતી [illegible] ધુળ નહોતી. પરીએ [illegible] કાન્તાના [illegible] ચાટલામાં મ્હોં જોતાંજ [illegible] રોઈ પડી. [illegible] હાથ ફેરવતાં તે ચીકણા લાગ્યા. જૂઓ ઉભરાતી હતી, અને વાળ શબરીના માળા જેવી થઈ ગઈ હતી.

પરી [illegible] "છાની રહે. હું માથું ચોળીશ."

[illegible] કાંસકી બગડશે. દાંતા ભાંગી જશે. વળી તમારા હાથ બગડશે એ જુદું."

પરીએ કાંસકી વગેરે મોકલાવી દીધું અને કાકાકૌઆ ઓને બોલાવવાનો હુકમ કર્યો.

કનુ અને કાન્તા ગંદાં હતાં, તોપણ પરીને ભેટ્યાં. આ વેળા પરીને સ્હેજ પણ ડાઘ પડયો નહોતો. પરી તેમને લઈ દરવાજા પાસે આવી. બોરસળીના ઝાડે પણ નમીને બન્નેને બોલાવ્યાં.

ઝાંખાબકુલ પક્ષીઓ વાટ જોતાં હતાં અને કનુ ને કાન્તા આવ્યાં કે તરતજ તેમને ઘેર લઈ ગયાં ને પહેલાંની માફક પથારીમાં સુવાડી દીધાં.

સ્હવારે એમની માએ ઉઠાડ્યાં ત્યારે એકદમ તેઓ ઉભાં થયાં, મ્હોં ધોઈ નાંખ્યું અને એવાં તો ચોકખાં થઈ ગયાં, કે નાસ્તો કરતી વખતે તેમને જોઈને તેમના બાપુ બહુજ રાજી થયા. મા અને બાપુને રાજી થતાં જોઈને છોકરાં રાજી થયાં. આજે તો બા સ્હવારમાં પ્રભાતિયાં ગાતી હતી અને કામ કરતી હતી. તે આનંદી દેખાતી હતી; કારણ છોકરાં પોતાની મેળે સ્વચ્છ થયાં હતાં અને સમજ્યા હતાં કે ચોકખાં થઈશું તોજ સુખી થઈશું.

"કાન્તા! આવ, ત્હારૂં માથું ચોળું. જો, પછી તું કેવી સારી દેખાઈશ !"

કનુએ આજે ન્હાતાં જરી પણ આડાઈ કરી નહોતી. કાન્તા માથું ચોળાવવા ગઈ અને જરા પણ રોયા વિના માથું ચોળાવ્યું ને ઓળાવ્યું.

ઠાકમૂ.

એક ગામમાં કેટલાક ઠગારા વસતા હતા. તેઓ બીજાઓને ઠગવામાંજ પોતાની મોટાઇ સમજતા. એક વખત તેમની ટોળી એક જગ્યા પર ભેગી થઈ અને હવે કોને ઠગવો તેનો વિચાર બધા કરવા લાગ્યા. ત્યાં એક જણ બોલી ઉઠયો: "મારવો તો હાથી અને લુંટવો તો ભંડાર! હવે નાની નાની ઠગાઇઓથી તો ધરાઇ ગયા. જો તમારી બધાંની નજરમાં આવતું હોય તો એક ભારે તડાકો બતાવું."

બધા બોલી ઉઠ્યા: "બતાવો ભાઈ, બતાવો. તમે તો દરેક વખતે એવી કાંઇ સારી વાત લાવવાનાજ."

આ સાંભળી પેલા ઠગ ગુરુ ... આપણે કોઈ વખત અંબાજી જતા ... નથી, તેથી અંબાજી માતાને ... આપણે આ વખતે એમની ખબર લઈ આવીએ."

બધા હસ્યા અને બોલ્યા: "જાણું, એટલાં બધાં માણસોની સામે આપણે કેવી રીતે થઈ શકીશું? ઘણાં માણસો સામે હામ (હિંમત) ... યુક્તિ જોઈએ, તે કોઈને આ...

એકે કહ્યું: "મને કોઈ પણ વસ્તુની અંદર મીણ (વેન) નો મંત્ર આવડે છે."

બીજો માણસ બોલ્યો: "મને એક રાતમાં બધાં શાક તૈયાર કરતાં આવડે છે."

ત્રીજો બોલ્યો: "હું એક કલાકમાં રાંધેલા ... તૈયાર કરી જાણું છું."

ચોથાએ કહ્યું: "હું ચારે બાજુ પર ચાર કાંકરા મૂકી પાણી છાંટી મંત્ર ભણું છું, ત્યારે ત્યાં ઘણી સુશોભિત વાડ ઉત્પન્ન થાય છે."

... સરદાર ક્યારનો ગુપચુપ સાંભળતો હતો, તે બોલ્યો: "શાબાશ! શાબાશ! મારા શાગીર્દો! ચાલો ત્યારે, ... તેને ... જોઈએ સઘળું નક્કી કરી ...

પછી સર્વ ... નકી કર્યું અને છૂટા પડી ગયા.

\+ + + +

આશરે એક મહિના પછી જાત્રાળુ લોકોનો સંઘ જાત્રા કરવા નીકળ્યો. તે લોકો પોતાની હંમેશની ઉતારો કરવાની જગ્યા પર આવી પહોંચ્યા અને જોયું તો ત્યાં કોઈની દાડમની વાડી બનેલી હતી ! તેથી તેમને જગ્યા બદલવી પડી. વાડીથી થોડે દૂર તેણે પડાવ નાંખ્યો.

એક તરફ સઘળાંઓને માટે રસોઈ બનવા લાગી. કેટલાકો જોઈતો સામાન લેવા જુદે જુદે રસ્તે ગયા અને કેટલાક અહિં તહિં ફરવા લાગ્યા. ફરતાં ફરતાં બે ત્રણ માણસો પેલી વાડી પાસે આવ્યા ને આવી સરસ તૈયાર થયેલી વાડીનો કોણ ધણી હશે એમ ધારી ચારે બાજુ જોવા લાગ્યા, પણ કોઈ દેખાયું નહિ. તેથી ચોરી કરવા મન લલચાયું. લાકડી વડે છીંડું પાડી સર્વે અંદર પેઠા; અને મઝેદાર તૈયાર થયેલાં દાડમ તોડી એકઠાં કરવા લાગ્યા.

કેટલોક વખત આમ કર્યા પછી તેમને બીક લાગી કે રખેને વાડીનો ધણી આવે તો આટલાં પણ પડાવી લે. આમ ધારીને તેઓ નાસી ગયા. ઉતારા પર જઈ બીજાઓને વાત કરી, તો સૌનું મન પણ લાલચને વશ થઈ

ગયું અને બળ્બે ત્રણ ત્રણ [illegible] દાડમ લઈ આવવા લાગ્યા. થોડા વખતમાં લગભગ [illegible] વાડી ખલાસ થઈ ગઈ. પછી બધા મળી દાડમનું શરબત બનાવવા બેઠા.

પણ સંઘમાં એક ડાહ્યો વૃદ્ધ માણસ હતો તેના મનમાં શક પેઠો. તેણે કહ્યું: "તમે શરબત પીશો નહિ. કારણ કે આપણી હંમેશની જગ્યા [illegible] [illegible] છે ને પછી આવે દિવસે રખવાળ [illegible] [illegible] નથી તેથી એ બાબતમાં મને તો કાંઈ [illegible] વાવનારના મનમાં કાંઇ પણ લુચ્ચાઇ હશે."

આમ તે બિચારાએ કહ્યું, પણ બધાના મત એક. ત્યાં [illegible] તતુડીનો અવાજ કોણ સાંભળે ? એક જણે જવાબ દીધો, "કાકા, તમારે ન પીવું હોય તો ન પીશોને ? તમારે બીજાની શી પંચાત ?" અને મનમાં બબડ્યો: "જોસો, બહુ ડાહ્યો છે તો !"

આવો જવાબ સાંભળી તે માણસ કંઈ બોલ્યો નહિ. [illegible] પછી સર્વેએ શરબત પીધું, પણ પેલા [illegible] પીધું નહિ. થોડીવારે સૌને એવું ઘેન ચડવા માંડ્યું કે સૌ જ્યાં ઊભા હતા ત્યાંજ ઢળી ગયા. નાના મોટા કોઈમાં સેહ રહ્યો નહિ [illegible] બે વિચાર્યું [illegible] પરિણામ

કાંઈ પણ ખોટું તો આવશેજ; માટે જે થાય તે હવે મુંગે મોઢે જોવું. એવો નિશ્ચય કરી તે પણ બધાંની સાથે સૂવાનો ઢોળ કરીને સૂઈ ગયો.

મધરાત થઈ એટલે [illegible] બેઠાથી [illegible] જણાયા. પેલો ડોશો ત્યાં આવીને ઉભો [illegible] આગળ આવ્યો અને સાથીઓને પૂછ્યું, [illegible] પ્રમાણે મોટા ખાડા ખોદી રાખ્યા છે?"

પેલાઓએ જવાબ [illegible]

પછી એક જાદુવાળો [illegible] આપણે જરાયે મહેનત કર્યા વિના [illegible] શકીશું." એમ કહી તેણે પોતાના [illegible] ના દાણા કાઢ્યા અને ત્યાં સૂતેલાઓ [illegible] બધું પેલો ઘરડો માણસ સૂતો સૂતો સાંભળતો ને જોતો હતો.

પછી પેલા જાદુગરે ઘાંટો પાડીને કહ્યું "[illegible]!"

તુરત બધા સૂતેલાઓએ "જી,"

સરદારે કહ્યું, "તમે બધા ઉભા થાઓ"

[illegible] બધા ઉભા થયા.

[illegible] તમે બધા પહેરેલાં [illegible] કાઢો



મધરાત થઈ એટલે કેટલાંક
મકાનોનાં અજવાળાં જણાયા.

બધાએ તે પ્રમાણે કર્યું. [illegible] માણસે પણ તેમ કર્યું.

"હવે [illegible] ધોતીયું રાખીને લમણાં [illegible] [illegible] જાવ."

બધાંએ કપડાં કાઢી [illegible] સરદારે [illegible]

"હડમજી!"

પ્રત્યુત્તર મળ્યો, "જી."

"હવે બધા મારી પાછળ ચાલો."

સડસડાટ કરતું ઝપાટાબંધ બધું સરઘસ સરદારની પાછળ ચાલ્યું.

થોડે દૂર [illegible] એક કૂવો આવ્યો. [illegible] ઉભા રહી [illegible] જા!"

"જી."

[illegible] ઉભા રહી જાય અને એક પછી એક કૂવામાં [illegible]

આમ બોલ્યો કે તુરત તે ઉંઘના ગાંડ એક પછી એક અંદર કૂદી પડવા લાગ્યાં.

હવે પેલા માણસના ગભરાટનો પાર રહ્યો નહિં. પણ તેણે હિમ્મત છોડી નહિ. જેમ જેમ આગળનાં માણસો પડે અને એનો વારો આવે તેમ તેમ તે પાછળ ખસતો જાય.

રાત્રિના ઘોર અંધારામાં અને ... દોલતના આનંદમાં સરદાર આ જોઇ શકયો નહિ. ... પણ છેવટે ડોસાનો વારો આવ્યો. હવે ખાડો લગભગ ભરાઇ ગયો હતો. ડોસો અંદર પડયો એટલે સરદારે હાથ નીચેનાં માણસોને ખાડો પૂરવા કહી અમુક જગ્યા પર આવવાનું કહ્યું; ને ...લતો થયો.

... બોલ્યા પછી એક જણે કહ્યું: "રહેવા દેને ... તે કોણુ એનો બાપ નીકળવાનો હતો! ... અક્કલ બળી છે? નહિ ... ...ાવા ખાડા પૂ...

બીજ... ...થી પણ થાકી મવા."

... બીજો કહે "હા, ડોસલ, ચાલ, મારાથી પણ ...

એમ કહી બ... ...લાએ ઇશ્વરનો ઉપકાર ... ...યો. સરદાર ... લાગ્યો અને ... થોડી વારમાં તેણે ... ... એકલ...

દોરડું બનાવ્યું. તે કૂવામાં મૂક્યું. પછી [illegible] બૂમ પાડીને બોલ્યો, "[illegible]!"

અંદરથી જવાબ મળ્યો "જી."

"આ દોરડું ઝાલીને બધા ઉપર આવો [illegible]

એક એક જણે ઉપર આવવા માંડ્યું. થોડા જે [illegible] તે મરણ પામ્યા હતા; તે શિવાય બધા ઉપર [illegible]

સવાર થવાને થોડીજ વાર હતી. ડાહ્યાએ વિચાર્યું [illegible] હવે અહિં વધારે રોકાવું તે ઠીક નહિ. [illegible] બધાને કહ્યું; "દાદમજી!"

"જી."

"[illegible]"

બધાને લઈ તે પાસેના ગામની ધર્મશાળામાં ગયો. ત્યાં તેણે ધર્મશાળાવાળાને [illegible] [illegible] માંગી લીધા. પછી બધાને [illegible] મટે ને [illegible] કપડાં લઈ આપ્યાં. પછી [illegible] ઉપરીને જઈને મળ્યો. બધી [illegible] તથા પેલા [illegible] પણ [illegible]

તુરત સિપાઈઓ દોડાવવામાં આવ્યા. [illegible] હજી ત્યાંજ ભાગ પાડવાને બેઠેલા હતા. તેમને એકદમ કેદ કર્યા અને ઉપરી પાસે રજુ કર્યા. ઉપરીએ [illegible] પાસે

[illegible]) આવ એવો મંત્ર ભણાવ્યો એટલે
[illegible] તેમણે બધાએ ડોસાનો ઉપકાર
[illegible] રસ્કાર કરી અપમાન કર્યું હતું તે
તે [illegible] ગયો. ઠગારાઓને દેશનિકાલની સજા
[illegible] તિજ્ઞા લીધી કે હવેથી "પારકો માલ
[illegible]

[illegible] ઘેર ગયાં.

[illegible] રથી [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]